# Official Spokesperson’s response to media queries on Pakistan and the FATF "Grey List"

---

## પાકિસ્તાન અને FATF “ગ્રે લિસ્ટ” પર મીડિયાનાં પ્રશ્નો પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

21 ઓક્ટોબર, 2022

**પાકિસ્તાન અને FATF "ગ્રે લિસ્ટ" પર મીડિયાનાં પ્રશ્નોનાં પ્રતિભાવમાં, અધિકૃત પ્રવક્તા શ્રી અરિંદમ બાગચીએ કહ્યું હતું કે:**

"પેરિસમાં ફાયનાન્શિયલ એક્શન ટાસ્ક ફોર્સ (FATF) પરિપૂર્ણતાનાં સંદર્ભમાં અમે પાકિસ્તાન સંબંધિત અહેવાલો જોયા છે.

અમે સમજીએ છીએ કે પાકિસ્તાન તેની એન્ટિ મની લોન્ડરિંગ (AML) /કાઉન્ટર ટેરર ફાયનાન્સિંગ (CFT) પ્રણાલીમાં વધારે સુધારો કરવા માટે એશિયા પેસિફિક ગ્રુપ ઓન મની લોન્ડરિંગ (APG) સાથે કાર્ય કરવાનું ચાલું રાખશે.

FATF ચકાસણીનાં પરિણામ સ્વરૂપે, 26/11 નાં રોજ મુંબઈમાં સમગ્ર આંતરરાષ્ટ્રિય સમુદાય સામેનાં હુમલાઓમાં સામેલ આતંકવાદીઓ સહિત, કુખ્યાત આતંકવાદીઓ સામે કેટલાક પગલાઓ લેવા માટે પાકિસ્તાનને દબાણ કરવામાં આવ્યું છે.

તે વૈશ્વિક હિતમાં છે કે વિશ્વ તે બાબતમાં સ્પષ્ટ રહે કે પાકિસ્તાને આતંકવાદ અને તેનાં નિયંત્રણ હેઠળનાં પ્રાંતોમાંથી આવતા આતંકવાદને મદદ કરતા નાણા સામે વિશ્વસનિય, પુષ્ટિ યોગ્ય, અપ્રત્યાવર્તિ અને સતત કાર્યવાહી કરવાનું ચાલું રાખવું અનિવાર્ય છે.”

**નવી દિલ્હી**
**21 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.